# સત્સંગ સમાચાર

## તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર બ્ર.સ્વ. પ.પૂ. કાકાજી પ્રાગટ્યપર્વ

બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી પ્રાગટ્યદિન - ૧૨ જૂનની મંગલ પ્રભાતે સંતભગવંત સાહેબજી અને સંતોએ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત પ.પૂ. કાકાજીના સમાધિસ્થાને પ્રાર્થના-વંદન ધર્યાં. વળી, પારમિતા મંદિરે નિત્ય સાયંસભામાં શ્રી ઠાકોરજી સમક્ષ કાકાજીના પ્રાગટ્યદિનને માહાત્મ્યવંદનાથી વધાવી લેવાયો. પ્રાગટ્યદિનની સભામાં જિતુભાઈ પોપટે અનુભવદર્શન કરાવી માહાત્મ્યગાન કર્યાં તેમજ સદ્‌ગુરુ સંતો પૂ. રતિકાકા અને પૂ. શાંતિદાદાએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી કાકાજીના સ્વરૂપ મહિમામાં સૌને લયલીન કર્યાં. વળી, સંતભગવંત સાહેબજીએ આ પાવન પ્રસંગે માહાત્મ્ય સરવાણી વહાવી રૂડા આશીર્વાદ પ્રદાન કરી સૌને કૃતાર્થ કર્યાં. મોટી સંખ્યામાં સ્થાનિક ભક્તોએ પધારી ભક્તિ અદા કરી. ◆

## તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સત્સંગ પારાયણ

સદ્‌ગુરુ સંત પૂજ્ય અશ્વિનદાદા વિદેશ પધારે તે પૂર્વે સ્થાનિક સર્વે સંતો-અક્ષરમુક્તોને દિવ્ય સત્સંગનો લાભ મળે તે હેતુથી સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી પૂ. અશ્વિનદાદાના શ્રીમુખે સત્સંગ પારાયણનાં આયોજન થયાં. ૧૫થી ૧૭ જૂન દરમિયાન પારમિતા મંદિરે નિત્ય સાયંસભામાં શ્રી ઠાકોરજી સમક્ષ પૂ. અશ્વિનદાદાએ પારાયણ સરવાણી વહાવી. 'યોગીગીતા', 'સ્વામીની વાતો', 'વચનામૃત' અને ભજન નિરૂપણના સમન્વય સાથે અદ્‌ભુત કથા-વાર્તા કરી પૂ. અશ્વિનદાદાએ સૌને કૃતાર્થ કર્યાં. મનની મૂંઝવણો, વ્યવહારના પ્રશ્નો, જીવનની વિટંબણાઓ હલ થયાં તેવા સુખદ અનુભવ સૌને થયા. પૂ. અશ્વિનદાદાની અનુપમ સાધુ અવસ્થાનાં સૌને રૂડાં દર્શન થયાં. ◆

## સંતભગવંત સાહેબજી સંગ સંતો-ભક્તોની સૌરાષ્ટ્રની ધર્મયાત્રા અને માણાવદર મંદિરનો પાટોત્સવ તેમજ કાકાજી શતાબ્દી પર્વ

સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા અને સંતો-ભક્તો ધારી, જૂનાગઢ, માણાવદર, પીપલાણા, ફરેણી, ગોંડલ આદિ પ્રાસાદિક સ્થાનોની તીર્થયાત્રાએ ૧૫થી ૧૮ જૂન દરમિયાન પધાર્યા. સર્વપ્રથમ તેઓ ધારી પધાર્યા જ્યાં કૉલેજ અને શાળામાં ભણતી દીકરીઓએ તેઓને ભાવથી સત્કાર્યા. ગુરુદેવ યોગીજીમહારાજનું પ્રાગટ્યસ્થાન સાહેબજીને અત્યંત પ્રિય તેથી પ્રાસાદિક મંદિર, ધૂળી નિશાળ, યોગીઘાટ આદિ દિવ્ય સ્થાનોનાં દર્શનાર્થે પધાર્યા. ધારીમાં કીર્તન આરાધના યોજાઈ જેમાં સાહેબજીએ સૌને આશીર્વાદ વરસાવી કૃતાર્થ કર્યાં. ત્યાંથી જૂનાગઢ પધારી સાક્ષાત્ ગુણાતીત સ્થાનનાં દર્શન કર્યાં.

જૂનાગઢથી માણાવદર મંદિરે પધાર્યા, જ્યાં બ્રહ્મસ્વરૂપ યોગીજીમહારાજ દ્વારા પ્રતિષ્ઠિત શ્રી ઠાકોરજીની મૂર્તિઓનો ૫૪મો પાટોત્સવ તેમજ કાકાજીનું શતાબ્દીપર્વ ભાવથી ઊજવ્યાં. આ પ્રસંગોમાં સંમિલિત થવા પવઈથી પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ, પૂ. મહેન્દ્રભાઈ(બાપુ) અને ભક્તો પધાર્યા. ૧૬ જૂનની સંધ્યાસભામાં સાહેબજી સાથે પધારેલ અમિતભાઈ-દીપ્તિબહેને કીર્તનભક્તિ અદા કરી. ત્યારબાદ પૂ. ભરતભાઈ અને પૂ. શાંતિદાદાએ પૂ. કાકાજીનાં માહાત્મ્યગાન કરી આશીર્વાદ વરસાવ્યા. ૧૭ જૂને પટેલ સમાજની વાડીમાં યોજિત કાકાજીમહારાજની શતાબ્દીસભામાં સેંકડો હરિભક્તો પધાર્યા. સ્વામિનારાયણ મહામંત્રલેખન કરેલ વિશિષ્ટ કલાત્મક ૧૦૦ ફૂટ લાંબો હાર સંતભગવંત સાહેબજીને અર્પણ કરી સ્થાનિક ભક્તોએ ભક્તિ અદા કરી. પૂ. રણછોડભાઈ, પૂ. વશીભાઈ, પૂ. અરુણભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી સૌને કાકાજીની સ્મૃતિમાં તરબોળ કર્યાં.

પ.પૂ. કાકાજીના પ્રિરેકોર્ડેડ ઑડિયો આશીર્વાદનાં શ્રવણ કરી સૌ ધન્ય થયાં. પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવ્યા. સંતભગવંત સાહેબજીએ અસ્ખલિત માહાત્મ્ય પ્રવાહ વહાવી કાકાજીના દિવ્ય જીવનનું દર્શન કરાવ્યું. સૌ સેવકોની સેવાને બિરદાવી આશીર્વાદ વરસાવ્યા. ત્યારબાદ પૂ. શાંતિદાદા સૌ સાથી સંતો-ભક્તોને લઈને પીપલાણા દર્શનાર્થે પધાર્યા. સૌને આનંદ કરાવી તેઓ સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષ સ્થાન-ફરેણી પધાર્યા. અહીં ભક્તોના મનોરથ ઝીલી સંતભગવંત સાહેબજીએ સૌને કંઠી પહેરાવી અને વળી પૂ. શાંતિદાદાના હસ્તે સ્વયં પણ કંઠી ગ્રહણ કરી અદ્‌ભુત સ્મૃતિ આપી અને પોતાની સહજ ગુણાતીત અવસ્થાનાં દર્શન કરાવ્યાં. ત્યાંથી ગોંડલ પધારી, દર્શન કરી, બ્રહ્મજ્યોતિ પરત પધાર્યા. સાહેબજી સાથે યાત્રામાં જોડાયેલ સૌ ભક્તોને વિશિષ્ટ દર્શન કરાવી અદ્‌ભુત સ્મૃતિઓ આપી આ યાત્રાને તેઓ માટે કલ્યાણયાત્રા બનાવી. ◆

## શ્રદ્ધાંજલિ

* **ભૂપેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ :** દહેગામનિવાસી ભૂપેન્દ્રભાઈ પ્રભુની સેવા કરતા કરતા ૨૮ જૂન ૨૦૧૮ના રોજ અક્ષરધામમાં બિરાજી ગયા. પરગજુ શિક્ષક, કે જેમણે શિક્ષણ સાથે સંસ્કાર આપવાનો સુમેળ સાધ્યો અને ગામડા ગામની શાળામાં શિક્ષકનો આદર્શ સ્થાપ્યો. દહેગામ તાલુકાના કનીપુર ગામની શાળામાં નાની વયે આચાર્ય થયા અને શાળા તથા બાળકોના વિકાસમાં ખપી ગયા. તેવામાં સાહેબજીનો જોગ થયો. જીવનને નવી દિશા અને ધ્યેય પ્રાપ્ત થયાં. સાહેબજીના સ્વરૂપમાં પ્રભુની દિવ્યતા અનુભવાઈ. મન અને જીવન અર્પણ કરવાના સંકલ્પ દૃઢ થયા અને અંતિમ શ્વાસ સુધી એ સંકલ્પે જ જીવ્યા. તેમની નિષ્ઠા અને ભક્તિએ આદર્શ પૂરો પડ્યો. તેમની વિદાયવેળાએ પ્રભુ પરિવારજનોને ખૂબ બળ અર્પે તેવી પ્રાર્થના ! ◆